**– : ફોજદારી અપીલ નં.૧૮૦/૨૦૨૫ ના કામે આંક–૧ લગત હુકમ :–**

૧. હાલની અપીલ કરીને અપીલકર્તાએ ફોજદારી કેસ નં.૭૬૫૭/૨૦૧૮ ના કામે તા.૧૬/૦૪/૨૦૨૫ ના રોજ કરેલ હુકમને પડકાર્યો છે, જે હુકમમાં અપીલકર્તાને દોષિત ઠેરવવામાં આવેલ તેમજ હાલના અપીલકર્તાને સજા અને દંડ ફટકારવામાં આવેલ છે.

૨. આ ફોજદારી અપીલ દાખલ થયા બાદ ન્યાયિક કાર્યવાહી દરમ્યાન બંને પક્ષોએ સમાધાન કરેલ છે અને તેમની વચ્ચે કેસનુ સમાધાન થતા આંક–૧૮ થી પુરસીશ આપી જણાવેલ છે કે, અપીલ કર્તા અને મૂળ ફરીયાદી(સામાવાળા) વચ્ચે કોઇ વ્યવહાર બાકી નથી. તેથી ધી નેગો.ઇન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮ હેઠળ સજા પાત્ર ગુન્હા માટે, સદર કાયદાની કલમ–૧૪૭ ની જોગવાઇઓને ધ્યાનમાં લેતાં, સદર ગુન્હો સમાધાન પાત્ર છે અને કોઇપણ તબકકે સમાધાન કરી શકાય છે. તેથી ન્યાયના હિતમાં, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : હુ ક મ : –**

૧. હાલની અપીલ આથી માન્ય રાખવામાં આવે છે.

૨. ફોજદારી કેસ નં.૭૬૫૭/૨૦૧૮ ના કામે તા.૧૬/૦૪/૨૦૨૫ ના રોજ દોષિત ઠરાવતો તેમજ સજા અને દંડ કરતો જે હુકમ કરવામાં આવેલ છે તે આથી રદ કરવામાં આવે છે.

૩. જો કોઇ દંડ અપીલકર્તાએ ભર્યો હોય તો તે અપીલકર્તાને પરત કરવામાં આવશે.

૪. આ અપીલનો નિકાલ થઇ ગયેલ હોવાથી, બાકી રહેલી વચગાળાની અરજીનો જો કોઇ હોય તો, તેનો પણ તે મુજબ નિકાલ કરવામાં આવે છે.

આ હુકમની નકલ સંબંધિત કોર્ટમાં જાણ સારૂ મોકલવી.

હુકમ આજ તા.૧૪ મી માહે માર્ચ,સને ૨૦૨૬ નારોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૪/૦૩/૨૦૨૬

**( દીપેન દીલીપકુમાર બુધ્ધદેવ)**
ચોથા એડીશ્નલ સેશન્સ જજ,
અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદ
Code No. GJ-0612